R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 13 • PAGES : 40 • MUMBAI • DATE : 5TH MAY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી

પ્ર.સ.ના તા. ૫.૫.૨૦૨૪ના અંકમાં અતિથી સંપાદક તરીકે અમારૂં નિમંત્રણ સ્વીકારી એડ. કેતન લોડાયા-કોઠારા (ગાંધીધામ) એ લખેલ તંત્રી લેખ



– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

પરીક્ષા પુરી ગઇ છે અને પરિણામો આવવાની શરૂઆત થઇ ગઈ છે. સૌ વિધાર્થી ભાઇ બહેનોને અભિનંદન અને ઉતરોતર પ્રગતિ કરો તેવી શુભેચ્છા. વૈશાખના વાયરા ને ગરમ લૂ લાગે તે પહેલા શાળામાં  વેકેશન પડતાં બાળકોની સાથે સાથે માવિત્રોએ પણ રાહતનો શ્વાસ લીધો હશે. વેકેશનની શરૂઆત થતાં જ બહાર ફરવા કે અન્ય પ્રવૃતિમાં જોડાઈ ગયા હશો કે નાની કે દાદી ના ઘરે જવાના પણ હશો અને તેનો કાર્યક્રમ અગાઉથી નક્કી થઇ ગયો હશે. પરંતુ ક્યારે આપણી માતૃભૂમિ અને વડીલોની જન્મભૂમિ એટલે આપણા માદરે વતન જઈ વેકેશન માણવાના અનેરા અવસરનો વિચાર કર્યો છે?

થોડો સમય પૂનમની ચાંદની, પછી અમાવસી રાત કેમ?

છેલ્લે માદરે વતનમાં ધજા સાથે પુનઃપ્રાણપ્રતીષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયા એ વખતે ગામે-ગામમાં આપણા જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી  અને ચૈત્ર માસમાં કુળદેવીની પેડીમાં આવ્યા હશો. ત્યારપછી આજે પાછા આપણા ગામો ખાલી થઇ ગયા છે. અમુક ગામો તો સુમસામ થઇ ગયા છે અને પૂજારી અને મેતાજી પણ બીજી નાતના ગોતવા પડે છે. ત્યારબાદ એક આશ્વાસન રૂપ કહીએ તેમ સાહેબજીના પ્રવેશ અને પર્યુષણમાં નોકરી-વ્યવસાય અને ઉચ્ચ અભ્યાસ માટે પલાયન થયેલ પરિવારોમાંથી તેમના વડીલો આવશે પણ એના સિવાય આપણા અબડાસાના માદરે વતન પ્રત્યેનો આપણો પ્રેમ કેટલો ? આ પ્રશ્ન એક ગામનો નથી, આપણા તમામ ગામોમાં  એજ ચર્ચા હોય છે. પાંજે ગામમેં વસ્તી ત નાંય પણ ગામ છડે વ્યા હી પણ ગામમેં કાર્યક્રમ સિવાય નતા અચે...!!! ચાતુર્માસના ૪ માસ પણ સાહેબજીને પ્રવૃતિઓ કેમ કરાવવી તે પણ યક્ષ પ્રશ્ન હોય છે.

વેકેશનની દેખાદેખીમાં ક્યારે વતન કેમ દેખાતું નથી?

વતનના વર્તમાન કોલમમાં સમાચાર તો વાંચીએ છીએ પણ એ વતનમાં આપણા વડીલો મૂકી ગયેલા વારસાની સ્મૃતિઓનો જતન કરવા આપણે આપણા ગામોમાં આવનારી પેઢીને વતન માટેનો પ્રેમ જાળવી રાખવા, આવાનારા વેકેશનમાં કચ્છ જઇ વતનનો પ્રવાસ પણ કરવો જોઇએ. આજે તો વેકેશનમાં દેખા-દેખી માં ''સૂકા સાથે લીલું બળે'' તે રીતે ખોટા ખર્ચ કરીને એ લોકો ફરવા ગયા તો આપણે પણ આપણા સોશ્યિલ મીડિયાના સ્ટેટ્સ માટે ત્યાં ફરવા જવાનો અભરખો જાગ્યો છે. પોતાના ફોટા કરતા ફોટા ક્યાંના છે એ બતાવવાનો ગાંડો ક્રેઝ જાગ્યો છે, પણ આ બધું ''લાંબા સાથે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય'' એ વાત આજકાલની જનરેશન સમજશે ત્યારે બહુ મોડું થઇ ગયું હશે! બીજા કરતા આજે અલગ દેખાળો કરવો હોય તો આપણા ગામમાં જ આવી ને બીજાને પ્રેરિત કેમ ના કરીએ ?  આપણા વતનમાં અગર આપણે આજે નહિ જઈએ તો આપણી આવનારી પેઢી આવતીકાલે  વતનનો જાજરમાન ઈતિહાસ માત્ર પુસ્તકમાં જ વાંચી શકશે, ક્યારે એ પવિત્રભૂમિને માણી શકશે નહિ.

પ્રસંગોપાત સિવાય આપણે ક્યારે આવ્યા?

ક્યારેક પ્રસંગો વગર એક વેકેશન માટે વતનનો કાર્યક્રમ બનાવો અને કુદરતના સાનિધ્યમાં શાંતિ અને સ્વાસ્થ્ય સાથે હિલસ્ટેશન કરતા પણ વધુ આનંદ મળશે. આપણે પાણી ફેરબદલ માટે બીજે ફરવા જઇએ છીએ તો આ તો આપણું જ વતન છે અને આપણા વડીલોએ આપણા ગામેગામમાં ઉભી કરેલી આધુનિક સુવિધા સાથેની સુસજ્જ સગવડોનો ઉપયોગ આપણે નહિ કરીએ તો કોણ કરશે? હવે તો ટ્રેન પણ સીધી અબડાસા સુધી પહોંચવા લાગી છે. આપણા વતનમાં હવે મોબાઈલ નેટવર્ક પણ સારું છે. એક સમયે આપણું કચ્છ રાજ્ય હતું પણ સમયાંતરે દુષ્કાળ અને કુદરતી આફતો પછી આપણે પલાયન શરૂ કર્યું. અબડાસા-આપણા માદરે વતન આવવા માટે પણ બહારથી ફોન આવતા કે ભુજથી આગળ

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ


**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
ઉદયન લાલજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૩, તા. ૦૫-૦૫-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

વરસાદ પોચ રસ્તા સારા ત અઇ ન? પણ છેલ્લા ૨૫ વર્ષમાં ફરી આપણું કચ્છ ફક્ત ભારત નહીં વિશ્વના નકશામાં પણ એક પર્યટન સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. હવે તો આવનારા સમયમાં હવાઇ માર્ગ અને પાણી માર્ગમાં પણ સગવડોનો વિકાસ થઇ રહ્યો છે અને અગણિત સુવિધાઓ ઉપલબ્ધ થશે. સાથે ૨૪ કલાક પાણી ને લાઈટો તો છે જ. પટેલ ચોવીસી ને કંઠીના ગામોમાં પણ સંખ્યા નથી. પણ એમનું અવારનવાર વતન માટે સમય કાઢીને આવવું ને એમના ગામના વિકાસમાં ભાગ લેવો એક ઉત્તમ ઉદાહરણ છે. તાજેતરમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પણ બાડમેરની સભામાં કચ્છને યાદ કરતા કહ્યું હતું કે કચ્છ અને મુંબઇની મિલ્કતોના ભાવમાં એક સમાનતા આવવા લાગી છે.

શું આવનારી પેઢી ને ફક્ત ધાર્મિક કાર્યક્રમોથી આકર્ષી શકાશે ?

એક વાત એ પણ છે કે આજની યુવા પેઢીને રજામાં આનંદ ને મનોરંજન જોઇએ તો જ આવે તેવું આકર્ષણ ઉદભવે તેવો પ્રયાસ કરવા જોઇએ. કેટલાક પરિવારોએ તો હજી વતનનો ચહેરો પણ જોયો નથી. આજે પૈસા કરતા સુવિધાને વધુ મહત્વ આપે છે. આજે પણ લાખો રૂપિયા ખર્ચીને જે કાર્યક્રમો થાય તેમાં પણ સુવિધા ન હોય તો ફરી આવવા માટે વિચાર કરતા હોય છે. આવો માહોલ ઉભો કરીએ કે કોઇના કુળદેવી છે એટલે આવવું પડે અને ધાર્મિક કાર્યક્રમો માટે મનની ઇચ્છા ના હોય તો પણ જબરદસ્તી આવતા હોય, તેના કરતા એવું વાતાવરણ મળે જેથી આપણા પરિવારો પાછા સ્થાયી થાય. તેને તો હજી સમય લાગશે પણ તમારી એક પહેલ તો કરી જુઓ, શાયદ આ વેકેશનનો વતન પ્રવાસ આવનારા સમયમાં વધુ ગાઢ બનશે અને એની સ્મૃતિઓ ફરી જીવંત બની આપણા માનસપટ ઉપર કાયમ અંકિત થઇ જશે અને અન્યોને વતન તરફ પ્રેરિત કરશે. સાથે સાથે આપણને વારસામાં મળેલી વડીલોની વિરાસતનું જતન પણ થવા લાગશે.

બધાનો સહિયારો પ્રયાસ અને નક્કર આયોજન...

બધા ગામો પોતપોતાનો પ્રયાસ તો કરી જ રહ્યાં છે સાથે સાથે સોનામાં સુગંધ ભળે તેમ તાજેતરમાં સમસ્ત મહાજનની મળેલ મિટિંગમાં પણ અબડાસામાં ડ્રીમ પ્રોજેક્ટ 'કેડીઓ ગ્લોબલ વિલેજ' અંગે ચર્ચા થઇ છે જેને તમામ મહાજનોએ સકારાત્મક પ્રતિભાવ પણ આપેલ છે. બધાનો તાલમેલ અને સાથ સહકાર રહેશે અને બધું સમુસુતરું પાર પડ્યું તો આવનારો સમય આપણા વતન માટે ફરી સુવર્ણ બની રહેશે. આ અંગે સોશ્યિલ મીડિયા મારફતે અવારનવાર અપીલ કરેલ છે, આજે પણ પ્રકાશ સમીક્ષા મારફતે એક આહવાન આપીયે છીએ કે ફક્ત વાતો કરવાથી કશું થવાનું નથી, પણ આવનારા સમયમાં નક્કર પરિણામ આવે તેવા આયોજનો આપણે સૌએ સાથે મળીને કરવા પડશે નહીંતર જેમ આપણી વસ્તી ઓછી થતી જાય છે તેમ વડીલોએ આપેલી આ વિરાસત પણ લુપ્ત થઇ જશે.

વાચકગણ સાથે સીધો સવાંદ કરાવવા માટે આભાર.

પ્રકાશ સમીક્ષાના ગૌરવપૂર્ણ 100મા વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં એક નવા જ અંદાજમાં શરૂ કરવામાં આવેલ ''અતિથિ સંપાદકની કલમે'' કોલમમાં આજે મને નાયક ફિલ્મના એક દિવસના મુખ્યમંત્રીની જેમ આ અંકમાં પ્રકાશ સમીક્ષાના સંપાદક તરીકેની જવાબદારી મળેલ છે તે બદલ ગૌરવની લાગણી અનુભવું છું. આજના અંકના અતિથિ સંપાદક તરીકે લખતાં અનેરા આનંદની સાથે વાચકગણ સાથે સીધો સવાંદ કરવા માટેનો એક એનેરો અવસર મળ્યો છે. અમારા જેવા યુવાનો માટે આગળ વધવા માટે આ પ્લેટફોર્મ ખુબ જ ઉપયોગી રેહેશે. વધુમાં આજના મુખપત્રમાં મને સંપાદક તરીકેનો એક નવો અનુભવ કરાવવા માટે તંત્રીશ્રી, તંત્રી મંડળ અને કારોબારી સમિતિનો આભાર સાથે મારા જેવા અનેક યુવાઓમાં છુપાયેલો હુન્નર બહાર કાઢી અને આ યાત્રામાં 100 થી વધુ સંપાદકો જોડાય અને આ નવતર પ્રયોગને વધુ વેગ મળે તેવી શુભકામનાઓ..



**એડ. કેતન લોડાયા**
**કોઠારા-ગાંધીધામ**
Mob,98795 22642



શ્રી ભલારા દાદા દેવસ્થાનક

## કચ્છ રવા ગામે, પરમ પૂજનીય, આરાધ્ય, શ્રદ્ધેય

# શ્રી ભલારાદાદા દેવસ્થાનક-રવા

## દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ

**શુભ દિન: ૨૮.૦૪.૨૦૨૪ થી ૨૯.૦૪.૨૦૨૪**



શ્રી ભલારા દાદા

જય ભલારા ! દાદા ભલારા ! ! સહર્ષ જણાવવાનું કે, કચ્છ રવા ગામે પરમ પૂજનીય, આરાધ્ય, શ્રદ્ધેય, શ્રી ભલારાદાદા દેવસ્થાનક દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ - શ્રી ક.દ.ઓ. રવાવાસી જ્ઞાતિજનો દ્વારા રવિવાર, તા. ૨૮.૦૪.૨૦૨૪ થી સોમવાર, તા. ૨૯.૦૪.૨૦૨૪ દરમ્યાન અનેરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે રવાગામવાસીઓ અને નિયાણી બહેન પરિવારો તથા કચ્છ ગામના શ્રી ભલારા દાદાના ભાવિકો પધારી પ્રસંગની શોભા વધારી હતી. ધ્વજારોહણના લાભાર્થી પરિવાર માતુશ્રી પ્રેમાબેન લક્ષ્મીચંદ લાપસીયા પરિવારવતી શ્રી કેતનભાઇ વસંત લાપસીયા અને શ્રીમતી દક્ષાબેન કેતન લાપસીયા ઉપસ્થિત રહ્યા હતા. **લાભાર્થી પરિવારવતી શ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા અને શ્રી ક.દ.ઓ. મહાજન - રવા પ્રમુખ - શ્રી ગિરીશ ગોવિંદજી લોડાયા** ઉપસ્થિત ભાવિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. યુવાચાર્ય - શ્રી રાજેશભાઇ ભૂપેન્દ્ર જોશી દ્વારા ધ્વજારોહણ વિધિ-વિધાન સંપન્ન થયેલ. કાર્યક્રમ સફળ બનાવવા માટે શ્રીમતી વૈશાલીબેન જયેશ મોમાયા, શ્રી અનુજ ગિરીશ લોડાયા, શ્રીમતી રીટા તુષાર લોડાયા, શ્રીમતી કોમલ મેહુલ લોડાયા, શ્રીમતી કીર્તિ અલ્પેશ લોડાયા, શ્રીમતી બીનલ હીતેશ લોડાયા, શ્રીમતી ધર્મિતા અનુજ લોડાયા, શ્રીમતી વર્ષા હીતેન લોડાયા કુશળતાપૂર્વક પ્રસંગ સંપન્ન કરેલ. નિયાણી બહેનો વતી શ્રીમતી પ્રજ્ઞા પરાગ મેપાણી, શ્રીમતી જીજ્ઞા રાકેશ છેડા ઉપસ્થિત રહી કાર્ય સહયોગ આપેલ. ગામના વડીલ શ્રી ભરત મેઘજી લોડાયા, શ્રીમતી વિજયાબેન અને શ્રી બદ્રીકાંત મેઘજી લોડાયા, શ્રીમતી ધનલક્ષ્મીબેન સૂર્યકાંત લોડાયા, શ્રીમતી હંસાબેન ગિરીશ લોડાયા ઉપસ્થિત રહ્યા હતા. સર્વે રવાવાસી ભાવિકોની શ્રદ્ધા અને ઉદારદિલથી આપેલ દાનથી પ્રસંગને ચાર ચાંદ લાગ્યા હતા.





**દ્વિતીય ધ્વજારોહણ, શ્રી ભલારા દાદાના સમૂહ પાઠ અને ભોજન-મહાપ્રસાદના લાભાર્થી પરિવાર:**

## માતુશ્રી પ્રેમાબેન લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર

**ધ્વજારોહણ પ્રસંગે સર્વસાધારણ ખાતે: રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી ચંપાબાઇ હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા-માટુંગા)**

ધ્વજારોહણ પ્રસંગે સર્વસાધારણ ખાતે: રૂા. ૨,૧૦૦/- માતુશ્રી લક્ષ્મીબાઇ ગુલાબભાઇ લોડાયા પરિવાર (અંકલેશ્વર-રવા)

**અનુમોદના! અનુમોદના!! અનુમોદના વારંવાર!!!**


**જાહેરાત સૌજન્ય:**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
**CB: 11/189**

**Head Office**
1011, Universal Majestic, Off Eastern Express Highway,
Ghatkopar – Mankhurd Link Road,
Behind RBK International School, Chembur,
Mumbai 400 088 – India
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
Email : jayant.lapsia@gmail.com
harsh.lapsia@umkhona.com



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૨૦)

**(ગતાંકથી ચાલુ)**



સ્વ. તુલીસીભાઈ ગજરા

કચ્છ સૌરાષ્ટ્રનાં લોકડાયરામાં કલાકાર પાસેથી એક બે પંક્તિનો દુહો આપણને ઘણીવાર સાંભળવા મળે. અને એ પંક્તિ સાથે જોડાઈ જાય કોઈ સંત, કોઈ જોગીયા કે કોઈ વિરલાની વાતો. કલાકાર એટલી તો રસસભર એ વાતો એકતારાનાં સથવારે કરે કે વહેલી સવારે ડાયરામાંથી ઘરે પાછા ફરતા વાતોની વિગતો ભુલાઈ જાય પણ મન, કલાકારોએ ગાયેલા દુહાને ગણગણતો જાય.

**જનની જણ તો ભગત જણ, કાં દાતા ને કાં નુર,**
**પણ નહીં તો રહેજો વાંઝણી, જો ને મત ગુમાવીશ નુર.**

કચ્છની ધીંગી ધરા નશીબવંતી રહી છે, અહીં સંત શિરોમણી સહજાનંદ, જેસલ-તોરલ, મેકણ, રામદેવ પીર, વાંઢાયના સંતશ્રી ઓધવદાસજી જેવા સંતો મળ્યા છે. તેમણે સમાજ અધોગતી તરફ વળે ત્યારે તેને વારવાનાં પ્રયત્નો કર્યા છે. તો કચ્છનાં દાન-દાનેશ્વરી દાતા શેઠશ્રી જગડુશા તેરમી સદીમાં થઈ ગયા અને દુકાળમાં પોતાની પોઠમાંના અન્નને ગરીબ ગુરબા માટે વાપર્યો. શૂરવીરોનાં નામ લેવા બેસું તો પાનાં ભરાય પણ અબડાસા તાલુકો જેમના નામ થકી ઓળખાય છે એવા વીર અબડા અડભંગ (જખરાજી જામ)ને તો નત્મસ્તકે સલામ ભરવી પડે. નલિયાનાં રસ્તે ત્રિભેટા પર આજ પણ તેમનું સ્મારક ઉભું છે.

એવા જ એક કચ્છી વ્યક્તિને આ પાના પરથી યાદ કરવા છે જેમણે ચ્છની ખેતીવાડીને સંવર્ધનવા ''શ્રી કાકા'' સંગાથે પોતાનું જીવન અર્પણ કરી દીધું. પુરા પચાસ વર્ષ પણ નહીં જીવેલા શ્રી તુલસીભાઈ ગજરા (રામપર-અબડાસા)એ ફક્ત મેટ્રિક સુધીનો અભ્યાસ કરી મીઠી ડેમ તુટ્યા પછી કચ્છનાં વિવિધ દુકાળગ્રસ્ત ગામોમાં વૉટર પંપ મુકવા માટેના ટેન્ડરની ''શ્રી કાકા'' દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. શ્રી તુલસીભાઈએ સૌથી ઓછી કિંમતમાં ટેન્ડર ભર્યું અને પ્રોજેક્ટ માટે પસંદ કરાયા. પોતાની સુઝબુઝથી વૉટર પંપ બનાવી, તુલસીભાઈ ''શ્રી કાકા''ની વિનંતી પર એક્સેલ ગ્રુપમાં જોડાયા. ૧૯૭૧નાં કચ્છનાં દુકાળ પછી શ્રી રામકૃષ્ણ મિશનનાં સ્વામી આત્મસ્થાનાન્દજીએ શ્રી કાકાને કચ્છમાં થોડી પ્રવૃત્તિઓ શરુ કરવા કહ્યું.


''શ્રદ્ધા, સમન્વય, એકાગ્રતા સહ વીર્યમ કરવાવહે''ની પ્રેરણાથી ''શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ'' (માંડવી-કચ્છ)ની સ્થાપના થઈ અને શ્રી તુલસીભાઈ ગજરા આ સંસ્થાના ''પાયાનાં પત્થર'' એટલે કે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે નિમાયા. ખાદીનાં સાવ સાદા વસ્ત્રોમાં સજ્જ તુલસીભાઈ ખેડુતો સાથે હળીમળી જતા, તેમનાં પ્રશ્નો સાંભળતાં અને સંતુષ્ટ નિરાકરણ લાવતા.

શ્રી તુલસીભાઈને એવા જ એક કર્મનિષ્ઠ કાર્યકતા મળ્યા શ્રી ગોરધનભાઈ પટેલ જે ''કવિ''ના નામે જાણીતા છે.

શ્રી કવિભાઈ શ્રી લાલ રાંભિયાની સંગાથે કચ્છનાં જુદા જુદા ભાગોમાં ડાયરાનું સંચાલન કરતાં. ગ્રામ્યજનોને વી.આર.ટી.આઈ.ની પ્રવૃત્તિઓથી માહિતગાર કરતાં અને વી.આર.ટી.આઈ. દ્વારા આયોજિત શિબિરોમાં આવવા પ્રોત્સાહિત કરતા.

વી.આર.ટી.આઈ.નાં માસિક વિવેકગ્રામનાં સહતંત્રી શ્રી કવિએ ૧૦૦ ઉપરાંત પુસ્તકોનાં પ્રકાશનમાં સિંહફાળો આપ્યો છે. અનો આજે પણ અમારી સાથો વી.આર.ટી.આઈ.નાં પ્રાંગણમાં ચાલતી અનેક પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા છે. તેમને વંદન કરી અમે સૌ અમારી બસમાં ગોઠવાયા.

અરજણભાઈ ચાલકની સીટ પર સ્વાર હતા, રમજુ વરિષ્ઠ યાત્રીકોને તેમની સીટ પર બેસાડવા મસ્ત હતો અને અમારી બસ માંડવીના બંદર તરફ વળી... વધુ આવતા અંકે...



વી.આર.ટી.આઈ.નાં માસિક પત્રક ''વિવેકગ્રામ

# જીંદગી ...એક વખત આપી ને તો જો

જિંદગીની ભાગદોડમાં વ્યવહાર સાચવવામાં ભુલાઈ ગયું બાળપણ,
જીવનના આ મુકામમાં ફરી જીવવું છે મારા માટે, મારા બાળપણ સાથે,
તું પણ ખુશ થઈશ એવું જીવીશ, તું ફરી એકવાર બચપણ આપીને તો જો.

દરેક તબ્બકે મા બાપ ભાઈ બહેન બાળકો પતિ પરિવારની પડખે ઉભી રહી,
હવે મારે મારા પડખે મારા માટે ટટાર ઉભું રહેવું છે,
ક્યાં હું ડગમગ ના થાઉં ફરી, આજે એક વખત સહારો આપીને તો જો.

જીવન જીવ્યું બીજાની શરતો ,આદેશો ઉપર વગર વિચાર્યે,
બહુ થયું હવે આ દોરમાં મારે મારી શરતો પર જીવવું છે,
ક્યાં હું નબળી પડી ન જાઉં, ફરી એક વખત હિંમત આપીને તો જો.

ઘણા જોયા જીવનમાં ઉતાર ચડાવ, સુખ અને દુઃખ બીજાના આસું લુછવામાં,
સંબંધો સીવવામાં હું પોતે ક્યાં ખોવાઈ ગઈ મને ખુદને ખબર જ ન પડી,
શોધવી છે ફરી એક વખત, આંખ પરનો પડદો હટાવીને તો જો.

હોઠ મારા ઘણીવાર મુસ્કુરાયા પણ બીજા માટે, આસું છલકાય પણ બીજા માટે,
હસવું છે ફરી મારે ફક્ત મારા માટે રડવું છે, અંદર ભરેલો ડુમો કાઢવા માટે,
મને મારી અંદરની લાગણી, બહાર કાઢવાના પ્રયત્નોમાં સાથ આપીને તો જો.

શોધ્યા સંબંધો, શોધી નિર્જીવ ચીજવસ્તુ, શોધી બીજાની ખુશી,
આજે મને મારા અંદરની ખોવાયેલી એ કનુને શોધવી છે,
અંદર છૂપેલી માસૂમ કનુને શોધવા માટે એક દીવો પ્રજ્જવલિત કરીને તો જો.

જિંદગી આપી એ અનમોલ છે, અતિ સુંદર છે, સરસ છે,
જીવન જીવવાની એક ઉમદા તક છે તે આપી ખુશ છું સંતુષ્ટ છું મારા જીવનથી,
મરજી હોય તો એક વખત મારી જિંદગી જીવીને તો જો.

કહે કનુ અરિહંતને,

વગર માંગ્યે બધું આપ્યું છે તન-મન-ધન-પરિવારનો સાથ સહકાર,
જીવનમાં કોઈ કમી નથી, ગમ નથી, કોઈ કલેશ નથી,
પણ સાધારણ માનવી છું, લાવ લાવની વૃત્તિ જતી નથી,
આ લાવ, પેલું લાવ, હજી જોઈએ એ છેલ્લા શ્વાસ સુધી રહેશે,
મારા આ માનવ સ્વભાવને એક વાર સમજી ને તો જો.

**- કનક જયેશ અજાણી (લોડાયા)**
kanakjajanigmail.com

## ભુજ-દિલ્હી નવી શરૂ થયેલ ટ્રેનને શુભેચ્છાઓ પાઠવાઈ




ભુજથી દિલ્હી (સરાય રોહિલ્લા) વચ્ચે ૧૭ ટ્રીપો સાથેની સમર સ્પેશીયલ ટ્રેન શરૂ થતાં રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસોશિએશન ભુજ તથા ભુજ ડેવલપમેન્ટ કાઉન્શીલ દ્વારા ટ્રેન ચાલકોને હાર પહેરાવી મીઠું મોઢું કરાવી શુભેચ્છાઓ અપાઈ હતી.

ભુજ રેલ્વે સ્ટેશને ગાડી નં. ૦૯૪૦૭ સાંજે ૫ વાગે ઉપડી ત્યારે એસો. નાં પ્રમુખ એ.વાય. આકબાની, સેક્રેટરી પ્રબોધ મુનવર, ભુજ ડેવલપમેન્ટ કાઉન્સીલ પ્રમુખ અવનીશભાઇ ઠક્કર, જીતેનભાઇ ઠક્કરે તથા સ્ટેશન મેનેજર રાજીવજી ઉપસ્થિત રહ્યા હતા. મે-જુન મહિના દરમ્યાન ભુજ અને દિલ્હીથી ૮-૮ ટ્રીપોનું તારીખ સાથેનું સમય પત્રક બહાર પડી ચૂક્યું છે.

ભુજથી સાંજે ૫ વાગે રવાના થઇ બીજા દિવસે બપોરે ૧૨ વાગે દિલ્હી પહોંચશે. જયારે દિલ્હીથી બપોરે ૩ વાગે ઉપડી બીજા દિવસે સવારે ૧૧-૩૦ ભુજ પહોંચશે.

પ્રથમ દિવસે આ ટ્રેનને સંતોષકારક ટ્રાફિક મળ્યો હતો. કચ્છી માડુઓએ ખુશી વ્યક્ત કરી હતી. આ ટ્રેન કાયમી ધોરણે દોડાવવામાં આવે તેવી રજુઆતો પેસેન્જર્સ એસો. દ્વારા કરવામાં આવી.

# મળવા જેવા માણસ...

## શ્રી મયુર વર્ષા-વિનોદ ધુલ્લા-મોતા, સુથરી (મુલુંડ-ઓસ્ટ્રેલિયા)
## શ્રીમતી બેલા મયુર ધુલ્લા-મોતા, સુથરી (મુલુંડ-ઓસ્ટ્રેલિયા)



ઘણા વર્ષો પહેલા મુંબઈ મહાજનની ચૂંટણીઓનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ઉમેદવારોની યાદીમાં મેં એક નામ બેલા મોતા જોયું હતું. મને આશ્ચર્ય થયું કે તે કોણ હોઈ શકે? તેના પિતા કે પતિના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. કોઈપણ દિકરી કે સ્ત્રી માટે પિતા કે પતિના નામનો ઉલ્લેખ કરવો એ આપણી સામાન્ય પ્રથા છે. મેં ઉમેદવાર બેલા મોતાના નંબર માટે મુંબઈ મહાજનની ઓફિસમાં ફોન કરીને તેમનો નંબર લઈ તેમને કૉલ કર્યો. મારા આશ્ચર્યની વાત એ હતી કે તેઓ શ્રી ચીમનભાઈ મોતાની સુપુત્રી છે. શ્રી ચીમનભાઈ મોતા તે સમયે મુંબઈ મહાજનના પ્રમુખ હતા. મેં બેલાને પૂછ્યું કે તું શા માટે તારા પિતાનું નામ નથી વાપરતી? અને તેણીએ મને બહાદુરીથી જવાબ આપ્યો કે તેણી તેના પિતાના નામ પર નહીં પરંતુ તેના પોતાના બળ પર ચૂંટણી લડવા માંગે છે. તે સમયે તે ખૂબ જ નાની હતી અને નાની ઉંમરમાં બધા બાળકો કોઈપણ બાબતમાં તેમના માતાપિતાનો ટેકો લે છે. પરંતુ અહીં એક દિકરી હતી જેણે પોતાના દમ પર મુંબઈ મહાજનની ચૂંટણી લડી હતી અને તે જીતી પણ ગઈ હતી. અને હવે ફરી આ દિકરી બેલા અને તેના પતિ મયુરે સાહસિક પગલું ભર્યું છે.

ચાલો હું સૌપ્રથમ વર્ષાબેન અને વિનોદભાઈ રાયચંદ ધુલ્લાના પુત્ર મયુર વિનોદ ધુલ્લા, મુલુંડ - સુથરી અને બેલા મયુર ધુલ્લા (મીનાબેન ચીમનભાઈ મોતાની સુપુત્રી, મુલુંડ - વારાપધર)નો પરિચય કરાવું. બંનેએ ૨૦૧૪માં લગ્ન કર્યા હતા અને હાલમાં તેઓ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહે છે. મયુરભાઈએ ઓસ્ટ્રેલિયામાંથી આંતરરાષ્ટ્રીય બિઝનેસમાં માસ્ટર્સ કર્યું છે અને હાલમાં ઓસ્ટ્રેલિયામાં એક સોફ્ટવેર કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે. બેલાબેને IATAમાં ડિપ્લોમા સાથે મુંબઈમાં કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને હાલમાં ઓસ્ટ્રેલિયામાં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. હવે હું તેમના બોલ્ડ નિર્ણયની વાત જણાવું.

બેલાબેન, મીનાબેન અને ચીમનભાઈ મોતાના એકમાત્ર સંતાન છે. તેમના માતા-પિતાએ તેમને પુત્રની જેમ ઉછેરેલ અને હંમેશા તેમને પુત્ર તરીકે બોલાવતા હતા.

ચીમનભાઈના કેટલાક સંબંધીઓએ તેમને કહ્યું કે જો તેમને પુત્ર હોત તો તેમનું નામ ચાલુ રાખી શકાયું હોત. આ વાત યુવાન બેલાના ધ્યાનમાં રહી ગઈ અને તે હંમેશા વિચારતી હતી કે તે તેમના પિતાનો પુત્ર કેવી રીતે બની શકે? તે હંમેશા તેના પતિ મયુર સાથે તેની ઈચ્છા વિશે વાત કરતી હતી અને તેના પિતાનું નામ તેના પરિવાર અને મયુરભાઈ સાથે કેવી રીતે કાયમ રહે? બેલાબેન તથા મયુરભાઈ તેજસ્વી વિચાર સાથે બહાર આવ્યા. મયુરભાઈએ તેમનું નામ મયુર વિનોદ ધુલ્લાથી બદલીને મયુર વર્ષા વિનોદ ધુલ્લા મોતા રાખ્યું અને બેલાબેનનું નવું નામ બેલા મયુર ધુલ્લા મોતા. તેમની બે પુત્રીઓના નામ છે સિડની બેલા મયુર ધુલ્લા મોતા અને ઈન્ડીયા મીના લક્ષ્મી ધુલ્લા મોતા. ચાલો હવે આ યુવાન દંપતિના મનોભાવોને જાણીએ.

**પ્ર.સ.:** તમારા નામની પાછળ તમારા સસરાની સરનેમ ઉમેરવાનું તમને શા કારણે સુઝ્યું?

**મયુરભાઈ :** બેલા ચીમનભાઈ મોતાની એકમાત્ર દીકરી છે અને તે ઈચ્છતી હતી કે તેના પિતાનું નામ ચાલુ રહે. અને અમે ઘણી વાર ચર્ચા કરી કે આપણે શું કરી શકીએ? હું બેલાની ઈચ્છાને માન આપવા માંગતો હતો, અને અંતે અમે બન્નેએ નક્કી કર્યું કે મારી માતા વર્ષાબેનનું નામ, મારી દાદી લક્ષ્મીબેનનું નામ અને બેલાની માતા મીનાબેનનું નામ પણ અમારા બાળકોના નામ સાથે સામેલ કરવું જોઈએ અને બધા નામના અંતે મોતા અટકનો સમાવેશ કરવામાં આવશે. આ રીતે, અમારા બધા માતાપિતાના નામ કાયમ રહેશે.

**પ્ર.સ.:** બંને પરિવારોની પ્રતિક્રિયા શું હતી?

**બેલાબેન :** અમે સોશિયલ મીડિયા વગેરે પર કોઈ પ્રચાર કર્યા વિના અમારા નામ બદલી નાખ્યા. અમારા માતા-પિતાને ત્યારે જ ખબર પડી જ્યારે અમે આ વર્ષે ભારત આવ્યા. બંને પરિવારો આશ્ચર્યચકિત હતા પરંતુ ખૂબ જ ખુશ હતા અને તેઓએ અમારા નિર્ણયને આવકાર્યો. મારા માતા-પિતાએ મયુરના પ્રતિભાવની ખરેખર પ્રશંસા કરી, મયૂરના સમર્થન વિના આ શક્ય ન હતું. અમારો હેતુ અમારા બન્નેના માતા-પિતાની લાગણીઓને માન આપવાનો અને તેમને

ગર્વ અપાવવાનો છે. અમને કોઈ પ્રસિદ્ધિ જોઈતી નથી અને ન તો અમે આનો પ્રચાર કરવા ઈચ્છીએ છીએ. અમારા માટે અમારા માતા-પિતાની ખુશી પ્રથમ છે.

**પ્ર.સ.:** તમારી બંને દીકરીઓના નામ ખૂબ જ અલગ છે. અંગ્રેજી સંસ્કૃતિમાંથી ઉપાડ્યા છે?

**બેલાબેન :** અમારી બંને દીકરીઓના નામ ઘણો વિચાર કર્યા પછી આપવામાં આવ્યા છે. અમે સિડનીમાં રહીએ છીએ અને તેથી અમે જ્યાં રહીએ છીએ તે શહેરની પાછળ પ્રથમ પુત્રીનું નામ આપવામાં આવ્યું છે. અને બીજી દીકરીનું નામ આપણા ભારતને માન આપવા માટે આપવામાં આવ્યું છે. અમારી બંને દીકરીઓ દેરાસર જાય છે અને તેઓ 'નમો અરિહંતાણામ,' આપણા નવકાર મંત્રનો જાપ કરી શકે છે. અમે તેમનો ઉછેર ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓમાં કરી રહ્યા છીએ. તેમને તેમના મૂળ વિશે જાણવું જોઈએ.

**પ્ર.સ.:** મયુરભાઈ તમે ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ માટે કે કામ માટે આવ્યા છો? તમારો અત્યાર સુધીનો અનુભવ કેવો છે? તમારા પરિવારનો સારો બિઝનેસ હોવા છતાં તમે ઓસ્ટ્રેલિયામાં શા માટે કામ કર્યું?

**મયુરભાઈ :** વાણિજ્યમાં સ્નાતક પૂર્ણ કર્યા પછી હું ઉચ્ચ શિક્ષણ માટે ઑસ્ટ્રેલિયા આવ્યો. મેં મારા ઉચ્ચ શિક્ષણ માટે લોન લીધી હતી. જે મેં મારો અભ્યાસ પૂર્ણ કર્યા પછી મારી પોતાની કમાણીમાંથી ભરપાઈ કરી. મેં અહીં જ રહેવાનું નક્કી કર્યું અને તેથી મેં અહીં નોકરી લીધી. મને મારા પિતા અને પરિવારના અન્ય સભ્યો દ્વારા હંમેશા મારા પોતાના માર્ગ પર ચાલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યો છે. અમારું એક સંયુક્ત કુટુંબ છે અને આજ સુધી અમે સૌ મારા બધા કાકાઓ સાથે રહીએ છીએ.

ઓસ્ટ્રેલિયામાં મેં મારી કારકિર્દીની શરૂઆત ડોર નોકિંગ જોબ, ટેલિ માર્કેટિંગ જોબ વગેરેથી કરી છે અને થોડો સમય જાતિવાદનો સામનો કર્યો છે, પરંતુ મને હંમેશા લાગે છે કે હું અહીં મારી જાતે આવ્યો છું. તેઓએ તેમના દેશમાં મને આમંત્રિત નથી કર્યો અને તેથી મારે ઘણી સમસ્યાઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ અને મારે તે જાતે ઉકેલવી જોઈએ. મારો પરિવાર ઇચ્છતો હતો કે હું ભારત પાછો આવું, પરંતુ તેઓએ ઓસ્ટ્રેલિયામાં રહેવાના મારા નિર્ણયને માન આપ્યું છે. એકંદરે મારો ઑસ્ટ્રેલિયાનો અનુભવ ઉત્તમ છે. આ એક એવો દેશ છે જે પર્યાવરણ અને પ્રકૃતિના સૌંદર્યને કારણે બધાને ગમશે. અહીં તમારે સખત મહેનત કરવા તૈયાર રહેવું જોઈએ.

**બેલાબેન :** હું ઘરના ઘણા કામો જાણતી ન હતી પણ ધીમે ધીમે શીખતી ગઈ. આજે વિશ્વના કોઈપણ ભાગમાં સખત મહેનત આવશ્યક છે. મયુર હંમેશા માને છે કે નબળાઈઓને બદલે તમારી શક્તિઓ વિકસાવવા કામ કરો. અને તેણે મને ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થવામાં ઘણો સાથ આપ્યો છે.

**પ્ર.સ.:** મયુરભાઈ અને બેલાબેન, તમે આપેલા સમય માટે અને તમારા વિચારો શેર કરવા બદલ ખૂબ ખૂબ આભાર.

**– CA હીરાચંદ દંડ**

## વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **– તંત્રી મંડળ**


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

આરોગ્ય પ્રકાશ

# કેન્સરના વધતાં કેસ અને તેના કારણો (૧)



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

પહેલાનાં જમાનામાં બીડી, સિગરેટ, તમાકુના લીધે મોંના, ફેફસાના, જડબાના કેન્સર, દારૂને લીધે લીવરનું કેન્સર કે સ્ત્રીયોમાં ગર્ભાશયના મોં (સર્વાઈકલ કેન્સર) કે સ્તનનું કેન્સર હોર્મોન્સના ફેરફારને લીધે થતાં હતાં પણ આજકાલ આવા કેસો ઉપરાંત આંતરડા, પેનક્રિયાઝ, ચામડી, લોહી (લ્યુકેમિયા) વગેરેના કેન્સર કેસ પણ વધતાં જાય છે. એ બહુ ચિંતાનો વિષય છે. સવારથી રાત સુધી ઘણા ખાદ્યો વસ્તુઓને ઉપયોગમાં લેવાય છે જે કેન્સરકારક બની રહે છે, તેના વિશે વિગતવાર જાણીએ.

૧) ટુથપેસ્ટ : ટુથપેસ્ટ અને માઉથવોશમાં Triclosan નામનું કેમિકલ વપરાય છે જેનાથી કોલીરેક્ટલ એટલે કે મોટા આંતરડા અને સંડાશની જગાના કેન્સરની શક્યતા વધી જાય છે આ કેમિકલ મોઢાની અંદરની ત્વચામાં ચુસાઈ લોહીમાં ભળી કેન્સરનું જોખમ ઉભું કરે છે.

* ફુલાવેલી ફટકડી અને સિંધવ નમકના પાવડરના મિશ્રણમાં થોડું રાઈનું તેલ નાખી પેસ્ટ જેવું બનાવી દાંત ઘસવાથી દાંતના સડાથી પણ બચાશે અને કેમિકલથી પણ દૂર રહેવાશે.

૨) દૂધ : માટી અને પાણીમાં Polychlorinated bipheny કેમિકલહોય છે જે ચારા દ્વારા પશુના શરીરમાં જઈ તેના દૂધમાં ભળે છે અને આ દૂધ, દહીં, છાસ આપણે વાપરીએ એનાથી કેન્સરની શક્યતા વધે છે. વધુ કમાવવાની લાલચમાં દૂધાળું પ્રાણીઓને વધારે દૂધ આવે તે માટે ઓક્સિટોસીનના ઈંજેક્શન અપાય છે તેવા દૂધના ઉપયોગથી કેન્સરની શક્યતા વધે છે. નકલી દૂધમાં ડિટરજન્ટ, યુરિયા, કોસ્ટીક સોડા, ફોર્મલીન લીડ્સ, સિન્થેટીક કોમ્પોનન્ટ મેળવી બનાવાય છે. આવા દૂધની ભેળસેળથી થેલીઓમાં આપણને દૂધ મળતું હોય તે અતિ ખતરનાક છે. વેગન બનો, બદામ, નારિયેળ વગેરેના દુધ ઘરે બનાવી વાપરો.

૩) પાઉં : પાઉં બનાવવા મેંદો, સાકર, હાનિકારક તેલ વપરાય છે એ તો આરોગ્ય માટે હાનિકારક છે જે ઉપરાંત તેને કથ્થાઈ કલર આપવા તેમાં caramel કલર ઉમેરે છે જે કેન્સરકારક છે. અને આજકાલ પાઉંનો ઉપયોગ નાસ્તાથી લઈને જમણની અનેક વાનગીમાં ઉમેરાયું છે, જે શક્ય તેટલું ઘટાડવું જરૂરી છે.

૪) કેમિકલ અને પ્રીઝરવેટીવવાળા બહારના ખાદ્યો : બજારૂ ચીજ બગડે નહિં તે માટે ફોર્મલડેહાઈડ નામનું કેમિકલ વાપરે છે. પોટેટો ચીપ્સ, ફ્રેન્ચફ્રાઈસ, ટોસ્ટેડ બ્રેડ વગેરેને બનાવતી વખતે ઉંચા તાપમાનનો ઉપયોગ થાય છે આ પ્રક્રિયા દરમ્યાન એક્રીલેમાઈડ નામનું તત્ત્વ ઉત્પન્ન થાય છે જે કેન્સરકારક છે. પ્લાસ્ટીકના ફૂડ કન્ટેનર, પાણીના કેન-બોટલ વગેરેના અંદરના લેયરમાં Bisphenol-A નામનું તત્ત્વ હોય છે તે અંદરના પાણી કે ખાદ્યમાં ભળી જાય છે, ખાસ કરીને આ પ્લાસ્ટીક ગરમીના સંસર્ગમાં આવે તો આ તત્ત્વ વધુ ભળે છે. આ તત્ત્વ કેન્સરકારક છે. પ્લાસ્ટીકના રેપરમાં કે પેકીંગમાં વપરાતા પ્લાસ્ટીક મટેરીયલમાં Phthalates નામનું તત્ત્વ છે. ખોરાક સાથે ભળી શરીરમાં જઈ કેન્સર પેદા કરે છે. અનાજ, ફળ, શાકભાજી પર પેસ્ટીસાઈડ્સ છાંટવામાં આવે છે. આ બાબતની કાળજી લેવા ફળ, શાકભાજીને પાણીમાં મીઠું (નમક) કે ખાવાનો સોડા નાખી, ૧૫ મિનીટ ભીંજવ્યા બાદ જ ઉપયોગમાં લ્યો નહિં તો આ જંતુનાશકના રહેલા અંશો કેન્સરનું કારણ બની શકે.

૫) ટેલ્કમ પાવડર : ટેલ્કમ પાવડરમાં એસબેસ્ટોઝ હોય છે જે ત્વચા વાટે લોહીમાં ભળી જાય છે. ટેલ્કમ પાવડરનો નિયમિત અને વધુ ઉપયોગ કરવાથી કેન્સર થવાનું જોખમ વધી જાય છે. સ્ત્રીઓના આ ટેલ્કમ પાવડરનો સતત ઉપયોગ કરવાથી ગર્ભાશય અને ફેફસાનું કેન્સર થઈ શકે છે. બાળકોને ફેફસાનું 'મેસોથેલીયોમા' કેન્સર થવાનો ભય રહે છે.

૬) ફળો : કેળા, કેરી, દ્રાક્ષ, પપૈયા વગેરે ફળોને જલ્દી કમાવવાની લાલચમાં કાર્બાઈડ કેમિકલ કે 'MI બ્રુફોન૩૯' નામનું કેમિકલ બે ઢાંકણા પાણી (બાલદીભર)માં નાખી તેમા ફળને ડુબાડીને કાઢી લેતા ફક્ત ૬ કલાકમાં એ તદ્દન કાચુ ફળ પાકા ફળના રંગ અને સુગંધ સાથે તૈયાર થાય છે.

વેંચાણ માટે જરૂરી રૂપ-રંગ અને સોડમ છે પણ તે કુદરતી પાકેલા ફળ જેવો સ્વાદ નહીં મળે. આ કૃત્રિમ રીતે પાકેલા ફળ કેન્સરકારક બને છે. ચાઈનાનું બનાવેલ ઈથીલીન કેમિકલ ટી-બેગ સ્વરૂપે મળે છે જે 'ટી-બેગ' જેમાં નાના પેકેટને પાણીમાં ઝબોળી કેરી જેવા ફળોની બાજુમાં રાખતા ૬ કલાકમા એ ફળો કૃત્રિમ રીતે પાકી જાય છે. આ સર્વ રસાયણો ખૂબ જ ઘાતક છે અને તેના ઉપયોગથી પકવેલા ફળ પણ ઘાતક જ સિદ્ધ થાય છે.

૭) મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણના રેડિએશન : મોબાઈલમાં કૉલ રીસીવ કરો ત્યારે મોબાઈલ જ્યાં શરીરને અડતો હોય ત્યાં તે શરીરના ટીસ્યુમાં તેના રેડીયો ફ્રીકવન્સીના કિરણો પ્રવેશે છે. જેને મોબાઈલ રેડીએશન કહેવાય છે, જે કેન્સરકારક છે. 1.6W/kg SAR થી વધુ રેડિએશન વધુ જ ખતરનાક છે આપણા મોબાઈલની SAR Value તેના Box પર લખેલી હોય છે છતાં મોબાઈલમાં "*#07#" ટાઈપ કરતા તે મોબાઈલની SAR Value જાણી શકાય છે. રેડિએશનથી બચવા મોબાઈલને સ્પીકર વાયર કે બ્લુટૂથ ઈયર બડ્સ વાપરી શરીરથી દૂર રાખો. રાત્રે સુતી વખતે શક્ય હોય તો એરોપ્લેન મોડ રાખો અથવા વધુ દૂર રાખી સુઓ. મોબાઈલનો વધુ ઉપયોગ કરતાં મગજના હિપોકેમ્પસ નામના એરીયામાં ફેરફારો થાય છે જે વ્યક્તિના મૂડ, વર્તણુંક પર નકારાત્મક અસર કરે છે. તેનાથી સ્વભાવમાં ચિડિયાપણું, વધારે ગુસ્સો આવવો તેમજ ચિંતાનો વધારો કરે છે.

૮) એર પોલ્યુશન : WHO કહે છે કે ૨૯% મૃત્યુનું કારણ ફેફસાનું કેન્સર છે જે હવામાંના કેન્સરકારક રજકણને લીધે થાય છે. હવામાં, વાહનોમાં ધુમાડા, કારખાનાના ધુમાડા, ફ્રીજ-એસી બનાવનાર કંપનીના ધુમાડાને લીધે કેન્સરકારક રજકણો શ્વાસમાં જઈ ફેફસા અને સ્તનનું કેન્સર થઈ શકે. તેનાથી બચવા માસ્ક કે એરફીલ્ટર વાપરો. આવા વાતાવરણથી બચો, ઝાડ ખૂબ વાવો, જે હવાને શુદ્ધ કરે છે.

૯) ચા-કૉફી : ખૂબ ગરમ ચા-કૉફી, સૂપ પીવાથી અન્નનળીનું કેન્સર થાય છે. ૬૦૦ કે તેથી ઉપરના તાપમાનવાળા ગરમ પદાર્થો ટાળો, પ્લાસ્ટીકના કપમાં ગરમાગરમ ચા-કૉફી રેડવાથી એનું અંદરનું મીણનું પડ પીગળી પેટમાં જઈ આરોગ્યને નુકશાન કરે છે.

૧૦) હેર ડાય અને વાળને સીધા કરનાર કેમિકલ્સ વાપરનારને સ્તનના કેન્સર થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. (ક્રમશઃ)

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**૧૦.૦૫.૨૦૨૪ :** શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ આયોજિત વર્ષીતપ સમુહ પારણાં: ખાલસા કોલેજ ગ્રાઉન્ડ, માટુંગા, મુંબઈ.

**૧૨.૦૫.૨૦૨૪ :** તેરામાં શ્રી દાદા ભલારા દેવસ્થાન ધ્વજારોહણ મહોત્સવ

**૧૩ થી ૧૫.૦૫.૨૦૨૪ :** શ્રી સુથરી મહાતીર્થ : શ્રી ધૃતકલ્લોલ (૧૦૮) પાર્શ્વનાથજી જિનાલય ૧૮૬મો ધ્વજારોહણ મહોત્સવ.

**૧૭-૧૮ મે ૨૦૨૪ :** મંજલ તિર્થ ધ્વજારોહણ મહોત્સવ

**૧૭.૦૫.૨૦૨૪ થી ૧૯.૦૫.૨૦૨૪:**
શ્રી પરજાઉ તીર્થ : મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય તથા શ્રી શિતલનાથ દેવકુલિકાની ધ્વજા મહોત્સવ, સ્નેહ સંમેલન, નૂતન પ્રવેશદ્વાર, નૂતન કાર્યાલય, મંગલગૃહ અને નુતન કેસર- સુખડગૃહ ઉદ્‌ઘાટન.

**૧૮-૧૯ મે ૨૦૨૪ :** કોઠારા માં વિસ્તૃતિકરણ થયેલ અતિથિગૃહ, નુતનીકરણ થયેલ ભોજનશાળા તથા પાંજરાપોળ માં ઘાસચારા ના નુતન ગોડાઉન નું લોકાર્પણ - ઉદઘાટન.

**૧૯.૦૫.૨૦૨૪ :** કચ્છ સુથરી માં બિરાજમાન શ્રી અંબે માતાજીને નમતા ધરમશી પરીવારની સમુહ પહેડી ; માટુંગા, મુંબઈ.

**૨૩.૦૫.૨૪ :** પરજાઉમાં બિરાજમાન નાગડા પરીવારના કુળદેવી શ્રી અંબે માતાજીના નવ નિર્મિત મંદિરમાં માતાજીને નમતા પરજાઉ, વારાપધર, કોઠારા તથા સાંધાણના ભાવિકો દ્વારા પુનઃ પ્રતિષ્ઠા.

**૦૨.૦૬.૨૦૨૪ :** શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં સેમિનારઃ Importance of Career Planning by Harsha Dharamshi : ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે.

**૦૨.૦૬.૨૦૨૪ :** શ્રી ક દ ઓ મંડળ, ડોંબિવલી દ્વારા શૈક્ષણિક સત્ર.

**૧૪.૦૭.૨૦૨૪ :** નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી.

# દીક્ષાર્થી નમ્યતા હિનાબેન - અનિલ નાગડા-જખૌ (ગોરેગાંવ) સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી



૨૪ વર્ષની યુવાન વયે જ્યારે યુવાનો/યુવતીઓ આકાશને આંબવા ઉડાન ભરે છે ત્યારે કદઓ જ્ઞાતિની યુવતી બેન નમ્યતા પાંચમી મે ૨૦૨૪ના દિવસે સાહિત્ય દિવાકર પરમ પૂજય અચલગચ્છાધિપતી કલાપ્રભસાગરસૂરીશ્વજી મ.સા. પાસેથી દીક્ષા ગ્રહણ કરીને ધર્મના માર્ગે પગરણ કરશે.

મુંબઈમાં જ ઉછરેલ અને ભણેલ છે. નમ્યતા ગોરેગામમાં રહે છે. અને વિજ્ઞાનમાં એમ.એસ.સી.૧ સુધી અભ્યાસ કર્યો છે એમને એક ભાઈ છે જેમનું નામ જેસલ છે અને કૉલેજમાં ભણે છે. દાદા-દાદી સ્વ. પુષ્પાબેન લક્ષ્મીચંદ નાગડા-જખૌ, નાના-નાની અરૂણાબેન ભરતકુમાર કુરૂવા-ગોધરા (ગોરેગાંવ).

જૈન ધર્મ પ્રત્યે એવું તે શું આકર્ષણ થયું કે નમ્યતાએ મોહમાયા ત્યજીને ધર્મ માર્ગ આચરણ કરવાનો નિર્ણય કર્યો. નમ્યતા સાથે થયેલ પ્રશ્નોત્તરી નીચે પ્રમાણે છે.

સ.: તમારી ધર્મભાવના નાનપણથી પ્રબળ હતી?

જ.: હું અને મારું કુટુંબ ૩-૪ વર્ષ પહેલા સુધી ધાર્મિક નહોતા. અમારી ધર્મ ભાવના દેરાસર દર્શન સુધી સિમીત હતી.

સ.: ધર્મ ભાવના કેવી રીતે જાગૃત થઈ?

જ.: હું મારા માતા-પિતા સાથે લગભગ દશ વર્ષ પહેલા વંદનગુણા મ.સા.ને વંદન કરવા ગઈ હતી. ત્યારે મારા પિતા અનિલભાઈને વ.ગુ.મ.સા. પ્રત્યે બહેન જેવો ભાવ જાગતા તેઓ એમને બહેન માને છે. ત્યારથી મને મહારાજ સાહેબો મળવાની અંતરથી ઈચ્છા થઈ.

સ.: જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ ક્યારે અને કેવી રીતે વધ્યું?

જ.: મારા મમ્મી હિનાબેન એક વખત મ.સા. પાસે પોષદ લેવા ગયા ત્યારે મેં પણ પોષદ લીધું અને એ સાંજ સુધી નિભાવ્યું ત્યારે મારા અંતરમાં અનેરો આનંદ થયો. ત્યારે જીવન નિર્ભાર એટલે કે ભાર વગરના આનંદ જેવું લાગ્યું.

સ.: આ અનેરા આનંદના અનુભવ પછી ધર્મ તરફની તમારી આસ્થા કઈ રીતે વધી?

જ.: મેં મહારાજ સાહેબને કહ્યું કે મારે તમારી સાથે ૧૫ દિવસ રહેવું છે ને સાધુ જીવન મુજબ રહેવાનો અભ્યાસ કરવો છે.

સ.: આ પંદર દિવસ દરમ્યાન તમે શું શીખ્યા?

જ.: ૧૫ દિવસ દરમિયાન મે ધાર્મિક ભણતર શીખવાનું શરૂ કર્યું.

સ.: ધર્મ પ્રત્યેનું તમારું કાર્ય કેવી રીતે આગળ વધ્યું?

જ.: ચોમાસા બાદ ઘણા બધા મહારાજ સાહેબોને મળવાનું થયું અને ત્યારે મેં અનુભવ કર્યો કે દરેક મહારાજ સાહેબનો આધ્યાત્મિકતાનો સાર બહુજ અલગ-અલગ હતો અને તેઓ ખરેખર આધ્યાત્મિકતા અનુભવતા હતા.

સ.: આ પછી ધર્મ વિશેની જીજીવિષા ક્યારે વધી?

જ.: ૨૦૨૨માં મેં પરેલ, મુંબઈમાં મહારાજ સાહેબો સાથે ચોમાસું વિતાવ્યું અને ધર્મનું શિક્ષણ પંડિતજી આપતા.

સ.: તમારો એ ચોમાસાનો અનુભવ કહેશો?

જ.: હા, મને જીવની દશા જોઈને ખૂબજ દુઃખ થતું અને ત્યારે જ નક્કી કર્યું કે સંસારમાં નથી રહેવું.

સ.: ઉપરની બાબતો ઉપરાંત જૈન ધર્મ પ્રત્યેની તમારી આસ્થા ક્યારે પ્રબળ થઈ?

જ.: મેં ૧૩ વર્ષના બાલમુનિ ભગવંતોદય મ.સા.ની દીક્ષામાં હાજરી આપી હતી એ તેમના એક પ્રવચનમાં જૈન ધર્મની અહિંસાનો મર્મ સમજતા મારી જૈન ધર્મ પ્રત્યેની આસ્થા બહુજ પ્રબળ થઈ.

સ.: દીક્ષા જ લેવી એવો દૃઢ નિશ્ચય ક્યારે કર્યો?

જ.: શ્રી અભયશેખરસૂરી મહારાજ સાહેબની પ્રેરણાથી ૪૭ દિવસનું ઉપધાન તપ કર્યું ત્યારે મને ખ્યાલ આવી ગયો કે હું સાધુ જીવન જીવવા માટે હવે તૈયાર છું.

સ.: દીક્ષા જ લેવી અને એજ પર્યાય છે એવી અનુભૂતિ ક્યારે થઈ?

જ.: અચલગચ્છના શ્રી ભાગ્યોદય મહારાજ સાહેબને જોઈ થયું કે સાધુ જીવન જ સાચું છે. આત્માની ઓળખાણ કરવી જ છે એવો ભાવ જાગતાં દીક્ષા લેવાનું નક્કી કર્યું.

સ.: જ્યારે કોઈપણ વ્યક્તિને પોતાની ભુલ કે પાપનો એકરાર કરવો હોય તો મહારાજ સાહેબ પાસે કરી શકાય?

જ. : હા, જે મહારાજ પાસે આવા એકરાર સાંભળવાની સત્તા હોય તેની સામે વ્યક્તિ પોતાની ભુલ સ્વીકારી પશ્ચાતાપ કરી શકે છે.

**આભાર નમ્યતાબેન!**

**પ્ર.સ. સમિતી તરફથી ખૂબ ખૂબ અનુમોદના!!**

-ઍડ. ઉદયન શાહ (લોડાયા)

# વિશ્વ કામગાર દિવસે મજૂરોનો હૃદયપૂર્વક આભાર

ક્યાંક એક ગલીના નાકે હું કોઈકની રાહ જોતી ઊભી હતી. સામે એક ઈમારત બની રહી હતી. આદત મુજબ ત્યાંની બધી હલચલનું અવલોકન કરવા લાગી. સૌથી વધારે ધ્યાન ખેંચ્યું મજૂર સ્ત્રી પુરુષોએ. નાના બાળકને જૂના ચીંથરાથી પીઠ ઉપર બાંધી ગાર માટીના તાંસરા ભરી બીજે ઠાલવતી મજુરણ અને ભીંત વગરના ફક્ત floor બનેલા બાંધકામ પર ઊંચા માળાઓ પર પણ બેધડક, સાવ કિનારે ઊભા રહીને પણ પૂરી એકાગ્રતાથી તલ્લીન થઈને કામ કરતા મજૂરો!!! કેવી હિંમત અને આત્મવિશ્વાસ આ લોકોમાં!




ધાર્મિક પ્રવચનોમાં આપણે જે નિર્મોહતા, નિઃસ્પૃહતા, હિંમત, એકાગ્રતા, સમર્પિતતાના ગુણોની વ્યાખ્યા સંભાળતા હોઈએ છીએ, એ બધી આપણને મજૂરને કામ કરતા જોઇને વાસ્તવમાં વ્યવહારિક રીતે તાદશ થતી દેખાય.

જે ઈમારતના દરેક ખૂણા ખાંચરા, દર-દીવાર એ પોતાનાં હાથે બનાવે છે, જ્યાં ટાઇલ્સની સુંદરતાની નીચેની ઈંટો ચુના સિમેન્ટ પોતાના હાથે એણે ચણતર કર્યું છે, આકરા તડકા પીને જ્યાં પસીના રેડ્યા છે.. એ ઈમારત બની જાય પછી ત્યાં એને અંદર તો શું દરવાજે ઊભા રહેવાની પણ પરવાનગી નથી હોતી! કેવી વિડંબના!! પણ તોય એ વિચારતો નથી અને નથી ફરિયાદ કરતો! (કદાચ આ માટે એને હક કે સમય બંને નથી.). એ આગળ વધે છે..પાછી બીજી ઈમારત બનાવવા!

કોઈ જ્યૂસ, salads કે healthy food ની લક્ઝરી નહીં! રૂખું સુકું ખાઈને પણ શારીરિક બળ કેટલું! હાડકાં બાળી નાખતી ગરમી હોય કે થિજાવી દેતો શિયાળો.. પાતળી ચાદર આમને ઘણી!

આ બધું કાં તો અલગારી સાધુ સંતો કરી શકે કાં આ!! અને બન્ને બનવું સહેલું નથી. ફરક એટલો જ કે સાધૂત્વ વ્યક્તિ સ્વેચ્છાએ અપનાવે છે અને મજૂર બનવું એક મજબૂરી છે. પણ છે તો આ પણ એક તપસ્યા!! પણ આ તપસ્યાને ધાર્મિક અને સાધુની તપસ્યા જેવું માન નથી મળ્યું.

મજૂર હોવું માણસને અંદર બહાર બંનેથી બહુ મજબૂત બનાવે એ ખરું પણ ભારતનો સામાજિક અને આર્થિક પરિવેશ એવો છે કે મજૂરીને દુર્ભાગ્યવશ નિમ્ન સ્તરની માનવામાં આવે છે અને આર્થિક વળતર પણ પ્રમાણમાં ઓછું, એટલે મજૂર ગરીબ જ હોય છે.

હકીકત તો આ છે કે આ લોકો સમાજના પાયાના પત્થર છે જેનાં ઉપર આપણા ઐશ્વર્યના મહેલો ચણાયેલા છે. આજે મજૂર દિવસે (અને હંમેશા) મજૂરોનો હૃદયપૂર્વક આભાર

**-લીના હિરેન લોડાયા-વરાડીયા (વડોદરા)**
+૯૧ ૯૮૬૭૭ ૫૪૯૨૮

**નમ્ર નિવેદન**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 9820853112**

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖
• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.
**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ
❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

# શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ

સંચાલિત

## શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ, શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ

## જામનગર

# અહેવાલ

## સંસ્થાના નવનિર્માણ માટે ચડાવાનો કાર્યક્રમ દશેરા મંગળવાર, તા. ૨૪/૧૦/૨૦૨૩

સૌરાષ્ટ્રની ધિંગી ધરા પર બિરાજમાન જામનગર શહેરમાં આવેલું આપણા સેનેટોરિયમ અને વિદ્યાર્થીગૃહના મકાનના નવનિર્માણ માટેના કાર્યક્રમમાં આપ સૌ સામેલ થયા અને સત્કાર્યોમાં સહયોગી થવાની ભાવના દર્શાવી એ આપણી જૈન પરંપરાનું અનમોલ રત્ન છે. અંતરની કરુણાને દાન સ્વરૂપે જનકલ્યાણમાં પ્રયોજવાની આવી ઉજ્જવલ પરંપરાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણે સૌએ આપણા સ્નેહમિલનના કાર્યક્રમમાં ઉછામણીઓ દ્વારા આપી કાર્યક્રમને ખૂબજ યશસ્વી બનાવ્યો.

દશેરાના શુભ દિવસે ભાંડુપ ખાતે મંગળવાર તારીખ ૨૪-૧૦-૨૦૨૩ ના દિવસે શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરિયમ અને શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થી ગૃહના મકાનના નૂતનીકરણ માટે શાસનરત્ન પરમ આદરણીય ભાઇ શ્રી નરેન્દ્ર રામજી નંદુ અને યુવા જોશીલા શ્રી મેઘ નંદુ દ્વારા કરવામાં આવેલી ઉછામણિઓને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો.

સવારે આઠ વાગ્યાથી જ જ્ઞાતિજનોની પધરામણી શરૂ થઇ અને જોત જોતામાં આખો હોલ ખીચોખીચ ભરાઇ ગયો. સુંદર મજાના સુશોભિત કરેલા મેવાડ કેસરી ભવન ખાતે નવકાર વંદનાવલી થી કાર્યક્રમની શરૂઆત થઇ. સંસ્થાના માનદમંત્રી શ્રી સુનિલભાઇ લોડાયા તથા શ્રી બિપીનભાઇ નાગડા દ્વારા પધારેલ સર્વેનું સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી, રંગપુર, સેવક ભરૂડિયા, દલતુંગી, જામનગર ના પ્રમુખો તેમજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. સંસ્થાની ભૂતપૂર્વ દીકરીઓ દ્વારા નવકાર મંત્રનું પઠન કરવામાં આવ્યું અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું.

સંસ્થાના પ્રમુખ શ્રી વિજયભાઇ લોડાયા દ્વારા સંસ્થાનો ટૂંકો ઇતિહાસ, સ્થાપક ટ્રસ્ટીશ્રીઓને યાદ કરવામાં આવેલ, બંધુ બેલડી શ્રી ઝવેરચંદભાઇ તેમજ શ્રી સુર્યકાંતભાઇના યોગદાનને બિરદાવેલ તેમજ હાલની જરૂરિયાત બાબત પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા, બાંધકામ સમિતિના પંકજભાઇ ધરમશી અને શ્રી સુનિલભાઇ લોડાયા દ્વારા નવા બિલ્ડીંગ ના પ્લાન બાબતની માહિતી આપવામાં આવી.

ત્યારબાદ આપણે સૌ આતુરતાથી જેની રાહ જોતા હતા એ ચડાવાના કાર્યક્રમની શરૂઆત ધમાકેદાર થઇ.

### સંસ્થાના પ્રસંગે દાતાઓની ભાવના શક્તિ અને સત્કાર્યનો સુલભ સમન્વય થયો અને દાનની ગંગા પ્રવાહિત થઇ.

સૌ પ્રથમ ચડાવો કેડીઓ ભવનના મુખ્ય નામ માટેનો હતો જે શ્રી રામજી માણેકજી નાગડા, રંગપુર વડાલા ના સુપુત્ર શ્રી સુરેશ રામજી નાગડા પરિવાર દ્વારા શ્રીમતી કિરણ સુરેશ રામજી શાહ (નાગડા) **'સુર-કિરણ કેડીઓ ભવન'** ને નામ આપવાની શરતે સૌથી મોટી બોલી રૂા, ૧,૦૮,૧૧,૧૧૧/- બોલ્યા અને વડીલનું નામ સાર્થક કરી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું.

સુરેશભાઇ દ્વારા બોલવામાં આવેલ આ મોટી રકમના ચડાવાથી વાતાવરણ એકદમ જ ઉત્સાહ ભર્યું થઇ ગયું અને હાજર સર્વે ખુશીથી નાચવા લાગ્યા.

નીચે મુજબ મુખ્ય ચડાવાની બોલી બોલવામાં આવેલ.

૧) કેડીઓ ભવનના મુખ્ય નામના લાભાર્થી : રૂા. ૧,૦૮,૧૧,૧૧૧/-
શ્રીમતી કિરણ સુરેશ રામજી શાહ (નાગડા) (રંગપુર-વડાલા)
'સુર-કિરણ કેડીઓ ભવન'

૨) કાયમી ભોજનશાળાના લાભાર્થી : રૂા. ૫૧,૫૧,૧૫૧/-
શ્રી નાકોડા ભૈરવ પરિવાર (જોધપુર-રાજસ્થાન) માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર (દલતુંગી-મુલુંડ) અ. સૌ. પ્રજ્ઞા દિલીપ ડુંગરશી લાપસીયા (દલતુંગી-મુલુંડ) દિકરી-જમાઈ: માનસી કૃણાલ નાગડા તથા ધવલ લાપસીયા

૩) ગ્રાઉન્ડ ફ્લોરના લાભાર્થી : રૂા. ૨૧,૨૧,૧૧૧/-
માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-ઘાટકોપર)

૪) પહેલાં માળના લાભાર્થી : રૂા. ૨૫,૨૫,૫૨૫/-
માતુશ્રી કંચનબેન દિપાલીબેન ગુલાબચંદ નાગડા પરિવાર (રંગપુર-મુલુંડ)

૫) બીજા માળના લાભાર્થી : રૂા. ૨૧,૨૧,૧૨૧/-
માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)

૬) ત્રીજા માળના લાભાર્થી : રૂા. ૨૧,૨૧,૧૧૧/-
માતુશ્રી બાયાબાઈ ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર
હ. અનિતા જીવરાજ લોડાયા (મોટી ખાવડી-થાણા)

૭) પેઢીના લાભાર્થી : રૂા. ૧૫,૧૫,૧૫૧/-
માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર (રંગપુર-મુલુંડ)

૮) ઉપાશ્રયના લાભાર્થી : રૂા. ૧૬,૧૬,૨૬૬/-
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતી મહાજન-મુંબઈ તથા શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી તથા તેના સાધારણ ખાતાના ટ્રસ્ટ, મસ્જીદ બંદર - મુંબઇ

૯) સોલાર સિસ્ટમના લાભાર્થી :
દાતા આવકાર્ય

૧૦) રસોડાના લાભાર્થી : રૂા. ૧૧,૧૧,૧૧૧/-
માતુશ્રી વંદનાબેન જ્યંતીલાલ લાલજી દામજી નાગડા પરિવાર (રંગપુર-મુલુંડ)
હ. ખુશ્બુ કિરણ જ્યંતીલાલ નાગડા, પલક તથા અસ્મિ

૧૧) લીફ્ટના લાભાર્થીઓ : રૂા. ૧૧,૦૦,૦૦૦/-
રૂા. ૫,૦૦,૦૦૦/- ગ્રાઉન્ડ ફ્લોર માતુશ્રી ચંપાબેન રાયચંદ લોડાયા પરિવાર (ગોરખડી/શીરસી/ઈન્ડોનેસીયા)
હ. મનીષા નરેન્દ્ર લોડાયા તથા બિંજલ સીધાર્થ લોડાયા
રૂા. ૩,૦૦,૦૦૦/- ૧લે માળે ડો. બિપીન, પુષ્પાબેન પાશ્વીર નાગડા પરિવાર (રંગપુર/મુલુંડ)
રૂા. ૨,૦૦,૦૦૦/- ૨જે માળે માતુશ્રી સોનબાઈ દામજી માલદે પરિવાર (દલતુંગી-ઘાટકોપર)
રૂા. ૧,૦૦,૦૦૦/- ૩જે માળે માતુશ્રી અરૂણાબેન દિનેશ બાબુલાલ લાપસીયા
હ. જીયાના અલ્પા અલ્પેશ લાપસીયા પરિવાર (દલતુંગી-ઘાટકોપર)

૧૩) **કોઠાર રૂમના લાભાર્થીઃ રૂા. ૫,૦૦,૦૦૦/-**
માતુશ્રી મોંઘીમાં નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલયની ભૂતપૂર્વ દિકરીઓ

૧૪) **આરો પ્લાંટના લાભાર્થીઃ રૂા. ૫,૦૦,૦૦૦/-**
માતુશ્રી વિજયાબેન અશોક લાલજી લાલકા (રંગપુર)
હ. અ.સૌ. વૈશાલી હેમાંગ અશોક લાલકા (નવી મુંબઈ)

૧૫) **ખનનવિધીના લાભાર્થીઃ રૂા. ૫,૦૦,૦૦૦/- (૨ નામ સંયુક્ત)**
શ્રી ડો. બિપીન પુષ્પાબેન પાશ્વીર નાગડા પરિવાર (રંગપુર-મુલુંડ)
માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)

૧૬) **સંપુર્ણ સંકુલના કલર કામ ના લાભાર્થી**
માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત પરિવાર (સેવક ભરૂડીયા)

## અતિથિગૃહ ના રૂમ માટેના લાભાર્થીઓ રૂા. ૫,૦૦,૦૦૦/- દરેક ના

૧) માતુશ્રી જયાબેન પુનશી મેઘજી શીયાલ પરિવાર
હ. ભારતી/બિપીન/લલીત, શ્રીમતી મીતા હરીશ રામજી નાગડા (દલતુંગી-મુંબઈ)

૨) માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા (ભાભાવાળા) પરિવાર (મોટી ખાવડી-જામનગર)
હ. હીયાન ફોરમ પારસ સુનીલ લોડાયા

૩) માતુશ્રી કંચનબેન ગીરીશ જીવરાજ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)

૪) માતુશ્રી મણીબેન રામજી લખમશી લોડાયા પરિવાર (નાની ખાવડી-સાંગલી)
હ. અ.સૌ. ધનલક્ષ્મી પ્રવિણચંદ્ર લોડાયા, સ્વ. કલ્પના વનરાજ રામજી લોડાયા

૫) કુમારી દીશીતા ના સ્મરણાર્થે
હ. માતુશ્રી પુરબાઈ લખમશી લોડાયા પરિવાર (દલતુંગી-ઘાટકોપર)

૬) માતુશ્રી સોનબાઈ રાયચંદ કરમશી લોડાયા પરિવાર (દલતુંગી-ડોંબીવલી)

૭) માતુશ્રી ચંદનબેન શાંતિલાલ ટોકરશી લાપસીયા પરિવાર (રંગપુર-ઘાટકોપર)
હ. અ. સૌ. દિપલ દિપક લાપસીયા, અ. સૌ. નીશા ધર્મેશ લાપસીયા

૮) માતુશ્રી જયવંતીબેન ખીમજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)

૯) માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ ધરમશી પરિવાર (રંગપુર-બોરીવલી)

૧૦) માતુશ્રી પુષ્પાબેન તથા પિતાશ્રી શાંતીલાલ લાલજી દંડ પરિવાર
હ. કેતન શાંતીલાલ દંડ (દલતુંગી-વડાલા)

આમ બધી જ બોલીઓ ખૂબ જ સુંદર વાતાવરણ સાથે ખૂબ જ ઉછળતા ભાવ સાથે બોલાઇ. તે ઉપરાંત સમાજનો નાનામાં નાનો માણસ પણ આ વિરાટ અને ભગીરથ કાર્યમાં લાભ લઇ શકે માટે એક ફીટના રૂપિયા ૨૦૦૦ ના પ્રમાણે નામો લેવાયા અને ટીપે ટીપે સરોવર ભરાય તેમ ઘણા બધા જ્ઞાતિજનોએ લાભ લઇને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી છે.

આ પ્રસંગે **ડો. શ્રી બિપીન પુષ્પાબેન પાશ્વીર નાગડા (રંગપુર-ભીવંડી-મુલુંડ)** દ્વારા સમગ્ર વિશ્વના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનોને સાધર્મિક ભક્તિ રૂપે નાત જમણનો અસાધારણ અમુલ્ય મહાન લાભ લીધો. પ્રસંગે પરિવાર નું સન્માન કરવામાં આવેલ.

ચડાવા લેનાર દરેક લાભાર્થી પરિવારની ચાંદીના સિક્કા અર્પણ કરી અનુમોદના કરવામાં આવેલ તેમજ **શ્રી નરેંદ્રભાઇ નંદુ અને મેઘ નંદુ** નો આભાર માની એમના સન્માન કરવામાં આવેલ.

મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઇ ભેદા અને ટ્રસ્ટીગણ તેમજ જામનગર સંઘના પ્રમુખ શ્રી ગિરીશભાઇ લોડાયા આ કાર્યક્રમમાં ખાસ પધાર્યા અને સૌના મન જીતી લીધા. તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવેલ. મેવાડ હોલની સગવડતા અને ભાવતા ભોજન પીરસવાની જવાબદારી ફાઇવ સ્ટાર કેટરર્સના મનોજભાઇએ સુપેરે પાર પાડી તે બદલ ધન્યવાદ.

આ પ્રસંગે કન્યાછાત્રાલયની ભૂતપૂર્વ દીકરીઓ અને શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોમ્બીવલીના સભ્યોએ કાર્યકર્તા તરીકે સેવા આપેલ અને બન્ને દ્વારા સર્વે ટ્રસ્ટીશ્રીઓને ભેટ આપી અનુમોદના કરવામાં આવેલ. સર્વેનો ખૂબ ખૂબ આભાર.

આ પ્રસંગે પ્રથમ ૫૦૦ આવનારમાંથી ૫ ને લકી ડ્રો દ્વારા મેગ્નીફીક ના શ્રી સુરેશ નાગડા દ્વારા ઇનામ આપાયેલ અને ચિરાગ આર્ટસ્ દ્વારા ૧૦ ઇનામ આપવામા આવેલ.

કાર્યક્રમના અંતમાં **ખજાનચી શ્રી દિલીપભાઇ લાપસિયા અને શ્રી જીવરાજ નાગડા** દ્વારા આભાર વિધી કરવામાં આવેલ.

ટ્રસ્ટ બોર્ડના સર્વે ટ્રસ્ટીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ તેમજ જ્ઞાતિના યુવા કાર્યકર્તાઓની મહેનત રંગ લાવી અને હવે જ્ઞાતિજનોની એક જરૂરિયાત સરસ રીતે પાર પાડી શકાશે.

કહેવત છે કે, ''મન હોય તો માળવે જ્વાય'' એમ ઉપરોક્ત શુભકાર્યમાં સૌએ મનભરીને દાન આપ્યું, ઉમળકાભેર ભાગ લઇ કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો એ ખરેખર ધન્ય ક્ષણો હતી.

## આભાર ની અભિવ્યક્તિ...

આભાર - ત્રણ અક્ષર નો શબ્દ, પરંતુ ઋણ મુક્તિ માટે સર્વોત્તમ શબ્દ.

આભાર - માનીને મનનો ભાર થોડો ઓછો કરીએ, આપના સુકૃત્યોના સદા ગુણગાન ગાઇએ.

આભાર - નવનિર્મિત અતિથીગૃહના ચડાવામાં હાજર રહેલા દરેક સ્નેહી સ્વજનોનો.

આભાર - ચડાવા લેનાર દરેક ઉદાર દિલ દાતા પરિવારોનો.

આભાર - કાર્યક્રમ દરમિયાન વ્યવસ્થા સાચવવા મદદ રૂપ થનારા સાથીઓનો.

આભાર - આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પીઠબળ પુરૂ પાડનાર નામી અનામી સર્વેનો.

કાર્યક્રમ દરમિયાન કોઇ પણ ક્ષતિ રહી હોય કોઇ ની લાગણી દુભાણી હોય તો મન વચન કાયા થી મિચ્છામી દુક્કડ્મ.

આપ સહુની જાણ ખાતર નવા બિલ્ડીંગના આર્કિટેકચર તેમજ આધુનિક જરૂરિયાત મુજબનું ડિઝાઇનિંગનું કામ પુણેની એક પેઢીને સોંપવામાં આવેલ છે. ટૂંક સમયમાં નવા બિલ્ડીંગને લગતી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરી શક્ય હશે એટલું જલ્દીથી નવા બિલ્ડિંગનું કામકાજ શરૂ કરવામાં આવશે. જ્ઞાતિજનોનુ આ બાબત જાણ કરતા રહેશું.

આપ સહુનો સાથ સહકાર હંમેશા મળતો રહેશે એવી આશા સાથે....

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન સહાય્યક સમિતી ટ્રસ્ટવતી**

**પ્રમુખશ્રી વિજય મોતીલાલ લોડાયા**

**માનદ્ મંત્રી શ્રી સુનિલ માણેકજી લોડાયા તથા શ્રી બિપિન પાશ્વિર નાગડા**



આતિથ્યનું આંગણું



દિપ પ્રાગટ્ય કરતા શ્રી પંકજભાઇ, શ્રી સુનિલભાઇ, શ્રી અશોકભાઇ




દિપ પ્રાગટ્ય કરતા શ્રી ગિરીશભાઇ, તેમજ શ્રી ચંદ્રકાંતભાઇ



અશોકભાઇ, પંકજભાઇ, ચંદ્રકાંતભાઇ, ગિરીશભાઇ, વનરાજભાઇ તથા સુરેશભાઇ



નવકાર વંદના કરાવતા શ્રી નરેંદ્રભાઇ નંદુ, શ્રી મેઘ નંદુ અને કલાકારો



શ્રી નરેંદ્રભાઇ નંદુ



નવકારનું સ્મરણ કરતા - હેઝલ દંડ, અલ્પા છેડા, હેતલ છેડા



કન્યાછાત્રાલયની દિકરીઓ દ્વારા સ્વાગત ગીત



શ્રી સુનિલભાઇ લોડાયા તેમજ શ્રી બિપિનભાઇ નાગડા દ્વારા સ્વાગત



પ્રમુખશ્રી વિજયભાઇ લોડાયાનું ઉદ્‌બોધન



બાંધકામ સમિતીના શ્રી સુનિલભાઇ લોડાયા તેમજ શ્રી પંકજભાઇ ધરમશી



ટ્રસ્ટ બોર્ડના સભ્ય







કાર્યક્રમમાં હાજર જ્ઞાતિજનો





મુખ્ય ચઢાવાના લાભાર્થી શ્રીમતી કિરણબેન સુરેશભાઇ રામજી નાગડા પરિવારનું સન્માન



કાયમી ભોજનશાળાના લાભાર્થી માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર ‘શ્રી નાકોડા ભૈરવ પરિવાર‘



ગ્રાઉન્ડ ફ્લોરના લાભાર્થી માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર



પહેલાં માળના લાભાર્થી માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ નાગડા પરિવાર



બીજા માળના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર



ત્રીજા માળના લાભાર્થી માતુશ્રી બાયાબાઇ ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર



પેઢીના લાભાર્થી માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર



રસોડાના લાભાર્થી માતુશ્રી વંદનાબેન જ્યંતીલાલ લાલજી દામજી નાગડા પરિવાર





ઉપાશ્રયના લાભાર્થી શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતી મહાજન-મુંબઇ તથા શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી તથા તેના સાધારણ ખાતાના ટ્રસ્ટના સભ્યો તેમજ પ્રમુખશ્રી નયનભાઇ ભેદા



સાધર્મિક ભક્તિનાદાતા ડો. બિપિન પાશ્વિર નાગડા પરિવારનું સન્માન



લીફટના લાભાર્થી ગ્રાઉન્ડ ફ્લોઅર માતુશ્રી ચંપાબેન રાયચંદ લોડાયા પરિવાર



લીફટના લાભાર્થી ૧લે માળે ડો. બિપીન, પુષ્પાબેન પાશ્વીર નાગડા પરિવાર



લીફટના લાભાર્થી ૨જે માળે માતુશ્રી સોનબાઇ દામજી માલદે પરિવાર



લીફ્ટના લાભાર્થી ૩જે માળે માતુશ્રી
અરૂણાબેન દિનેશ લાપસીયા પરિવાર



કોઠાર રૂમના લાભાર્થી માતુશ્રી મોંઘીમાં નાગશી
દેવાણી કન્યા છાત્રાલયની ભૂતપૂર્વ દિકરીઓ



આરો પ્લાંટના લાભાર્થી માતુશ્રી
વિજયાબેન અશોક લાલકા પરિવાર



સંપૂર્ણ બિલ્ડીંગને કલર કામના લાભાર્થી
માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી જયાબેન
પુનશી મેઘજી શીયાલ પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી સરોજબેન
માણેકજી લોડાયા (ભાભાવાળા) પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી કંચનબેન
ગીરીશ જીવરાજ દંડ પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી મણીબેન
રામજી લખમશી લોડાયા પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી પુરબાઈ
લખમશી લોડાયા પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી સોનબાઈ
રાયચંદ કરમશી લોડાયા પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી ચંદનબેન
શાંતિલાલ ટોકરશી લાપસીયા પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી જયવંતીબેન
ખીમજી લોડાયા પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી સુશીલાબેન
કાંતીલાલ ધરમશી પરિવાર



રૂમના લાભાર્થી માતુશ્રી પુષ્પાબેન તથા
પિતાશ્રી શાંતીલાલ લાલજી દંડ પરિવાર



ખનન વિધિના લાભાર્થી શ્રી બિપિનભાઇ નાગડા
અને શ્રી અશોકભાઇ દંડ


ટ્રસ્ટીશ્રીઓ દ્વારા
શ્રી નરેન્દ્રભાઇ નંદુનુ સન્માન


લકી ડ્રોના વિજેતાને ઇનામ આપતા
શ્રી સુરેશભાઇ નાગડા


લકી ડ્રોના વિજેતાને ઇનામ આપતા
શ્રીમતી દિપ્તી લોડાયા અને પલ્લવી ખોના


કન્યાછાત્રાલયની દિકરીઓ દ્વારા
માતુશ્રી કુસુમબેન સુર્યકાંતનું સન્માન


શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા
ટ્રસ્ટીશ્રીઓનુ બહુમાન


શ્રી સ્વસ્તિક ગ્રુપના કાર્યકર્તાઓ અને
કન્યાછાત્રાલયની દિકરીઓ


વિજયભાઇ વોરા સાથે બિપિનભાઇ,
જીવરાજભાઇ તેમજ સુરેશભાઇ


શ્રી પ્રમોદ ત્રિવેદી સર સાથે
સુરેશભાઇ નાગડા


ચઢાવા લખતા
શ્રી જીવરાજભાઇ નાગડા


આભારવિધી કરતા શ્રી દિલિપ લાપસિયા
તેમજ શ્રી જીવરાજભાઇ નાગડા


શ્રી ક.દ.ઓ. દિપના શ્રી દિપકભાઇ શાહ
સાથે બિપિનભાઇ નાગડા તેમજ વિજયભાઇ


નોંધણી કરતા કિરણભાઇ, પ્રવિણભાઇ
તેમજ સુમન લાપસિયા


કાર્યકર્તાઓ નરેન્દ્ર લાપસિયા, ભારતીબેન,
છાયાબેન સાથે સુનિલભાઇ તેમજ વિજયભાઇ


મયુર લોડાયા, મયુર દંડ,
મનોજ ખોના


મુખ્ય ચઢાવાના લાભાર્થી સુરેશભાઇ સાથે
સાધર્મિક ભક્તિના લાભાર્થી બિપિનભાઇ



**પ્રસંગે પધારેલ સર્વે જ્ઞાતિજનોને અને સર્વે દાતાઓનો તેમજ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરતા ટ્રસ્ટીશ્રીઓ ડાબેથી દિલિપ લાપસિયા, જીવરાજ લોડાયા, મનોજ ખોના, જીવરાજ નાગડા, પંકજ ધરમશી, વિજય લોડાયા, અશોક દંડ, સુનિલ લોડાયા, બિપિન નાગડા, ભરત દૌલત, મયુર લોડાયા, સુરેશ નાગડા અને કુસુમબેન દેવાણી**

## ટ્રસ્ટીગણ તથા સમિતિ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી વિજય મોતીલાલ લોડાયા | મોટીખાવડી | - પ્રમુખ, ટ્રસ્ટી | - | ૯૮૨૧૦ ૨૮૩૫૫ |
| ૨) | શ્રી પંકજ કેશવજી ધરમશી | રંગપુર | - ઉપપ્રમુખ, ટ્રસ્ટી | - | ૯૮૬૭૦ ૧૨૩૪૦ |
| ૩) | શ્રી સુનીલ માણેકજી લોડાયા | મોટીખાવડી | - માનદમંત્રી, ટ્રસ્ટી | - | ૯૭૨૭૫ ૯૯૯૯૯ |
| ૪) | શ્રી બિપીન પાશ્વીર નાગડા | રંગપુર | - માનદમંત્રી, ટ્રસ્ટી | - | ૯૩૨૩૫ ૨૫૦૦૦ |
| ૫) | શ્રી દિલીપ ડુંગરશી લાપસિયા | દલતુંગી | - ખજાનચી, ટ્રસ્ટી | - | ૯૭૬૯૩ ૩૬૧૪૨ |
| ૬) | શ્રી જીવરાજ કિલાચંદ નાગડા | રંગપુર | - ખજાનચી, ટ્રસ્ટી | - | ૯૩૨૦૦ ૮૬૮૮૭ |
| ૭) | શ્રીમતી કુસુમબેન સુર્યકાંત દેવાણી | નાની ખાવડી | - ટ્રસ્ટી | - | ૭૭૧૦૯ ૪૩૬૪૮ |
| ૮) | શ્રી સુરેશ રામજી નાગડા | રંગપુર | - ટ્રસ્ટી | - | ૯૮૨૧૧ ૨૨૨૭૭ |
